# વિજય હજારે : યુવા સૂર્યવંશી અને અનુભવી રોહિત-કોહલીનો વૈભવ

*આજથી શરૂ થયેલી વિજય હજારે વન ડે ટૂર્નામેન્ટમાં સ્ટાર ભારતીય બેટ્સમેન વિરાટ કોહલીએ 15 વર્ષ પછી વિજય હજારે ટ્રોફીમાં પ્રવેશ કરીને શાનદાર સદી ફટકારી હતી તો બીજા સ્ટાર બેટ્સમેન રોહિત શર્માએ સાત વર્ષ પછી વિજય હજારે ટ્રોફી રમી નાતાલના આગલા દિવસે ખરા અર્થમાં 'હિટમેન' શૈલીમાં દોઢી સદીની ઈનિંગ રમીને પિંક સિટીના ક્રિકેટ પ્રેમીઓને એક અદ્દભૂત ભેટ આપી. આ ઉપરાંત ભારતીય ક્રિકેટના યુવા સેન્સેશન વૈભવ સૂર્યવંશી ૩૬ બોલમાં તો તેના કેપ્ટન સાકિબ ગનીએ ફક્ત ૩૨ બોલમાં પોતાની સદી પૂરી કરીને લિસ્ટ-એમાં સૌથી ઝડપી ભારતીય સદીનો નવો રેકોર્ડ બનાવ્યો હતો. આ તરફ દેવદત્ત પડિકલની 147 રનની ઈનિંગ ઈશાન કિશનના 39 બોલમાં 125 રન કરતાં વધુ સારી સાબિત થઈ હતી. બિહાર અને અરૂણાચલ પ્રદેશની મેચમાં વૈભવ સૂર્યવંશી, કેપ્ટન સાકિબ ગની અને વિકેટકીપર બેટ્સમેન આયુષ લોહારુકાએ ફટકારેલી સદીઓની મદદથી છ વિકેટે 574 રન બનાવીને લિસ્ટ એ ક્રિકેટમાં એક ઈનિંગમાં સર્વાધિક સ્કોરનો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો.*

## કોહલીની સદીની મદદથી દિલ્હીએ આંધ્રને ચાર વિકેટે હરાવ્યું

**15 વર્ષે** વિજય હજારે ટ્રોફી રમવા ઉતરેલા કોહલીએ સૌથી ઝડપી 16000 રનનો લિસ્ટ-એનો સચિનનો રેકોર્ડ તોડ્યો



બેંગલુરૂ, તા. 24 (પીટીઆઈ) : વિજય હજારે ટ્રોફીની ગ્રુપ ડીની આજે બુધવારે રમાયેલી એક મેચમાં સ્ટાર ભારતીય બેટ્સમેન વિરાટ કોહલીએ 15 વર્ષ પછી વિજય હજારે ટ્રોફી રમવા ઉતરીને શાનદાર સદી ફટકારીને દિલ્હીને આંધ્ર સામે ચાર વિકેટે જીતાડ્યું હતું.

લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલા દિલ્હી વતી કોહલીએ 101 બોલમાં 131 રન બનાવ્યા હતા. કોહલીએ પોતાના અનેક શાનદાર સ્ટ્રોક બતાવીને પોતાની પહેલી ફિફ્ટી 39 બોલમાં અને સદી 83 રનમાં પૂરી કરી. લિસ્ટ એ ક્રિકેટમાં આ તેની 58મી સદી હતી, અને તેની સાથે, તે 330 ઇનિંગ્સમાં 16,000 રન બનાવનાર સૌથી ઝડપી બેટ્સમેન બન્યો. સચિન તેંદુલકરે 391 ઇનિંગ્સમાં 16,000 રન પૂરા કર્યા હતા. તેને 55 બોલમાં 77 રન કરનારા નીતિશ રાણાએ સારો સાથ આપ્યો હતો. પ્રિયાંશ આર્યએ પણ 44 બોલમાં 74 રનનું યોગદાન આપતા દિલ્હીએ 37.4 ઓવરમાં 299 રનના લક્ષ્યાંકને કબજે કર્યો હતો. આ પહેલા રિકી ભુઇની 105 બોલમાં 122 રનની શતકીય ઇનિંગની મદદથી આંધ્રએ આઠ વિકેટે 298 રન બનાવ્યા હતા. દિલ્હી વતી ઝડપી બોલર સિમરજીત સિંહે 54 રનમાં પાંચ વિકેટ લીધી હતી.

## પડીકલની સદી ઈશાનની સદી પર ભારે પડી, કર્ણાટકે ઝારખંડને હરાવ્યું

**ઝારખંડે** મૂકેલા 413 રનના મુશ્કેલ લક્ષ્યાંકને કર્ણાટકે 15 બોલ બાકી રાખીને કબજે કરી લીધો

અમદાવાદ, તા. 24 : વિજય હજારે ટ્રોફીની ગ્રુપ-એની આજે અહીં રમાયેલી એક મેચમાં દેવદત્ત પડિકલની 147 રનની ઈનિંગ ઈશાન કિશનના 39 બોલમાં 125 રન કરતાં વધુ સારી સાબિત થતા કર્ણાટક સામે ઝારખંડનો પાંચ વિકેટથી પરાજય થયો હતો. કર્ણાટકે 15 બોલ બાકી રાખીને 413 રનનો મુશ્કેલ લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો.

ટોસ જીતીને બોલિંગ કરવાનો કર્ણાટકનો નિર્ણય ખોટો સાબિત થયો જ્યારે ઈશાને માત્ર 39 બોલમાં સાત ચોગ્ગા અને 14 છગ્ગાની મદદથી 125 રન બનાવ્યા હતા. આ ઉપરાંત શિખર મોહને 44, વિરાટ સિંહે 88 અને કુમાર કુશાગ્રે 63 રનનું યોગદાન આપ્યું હતું. વિરાટ અને કુશાગ્રે ચોથી વિકેટ માટે 129 રનની ભાગીદારી કરતાં ઝારખંડે નવ વિકેટે 412 રન બનાવ્યા હતા. કર્ણાટક તરફથી ડાબોડી મધ્યમ ઝડપી બોલર અભિલાષ શેટ્ટીએ 72 રન આપીને ચાર વિકેટ લીધી.

જવાબમાં, કર્ણાટકના કેપ્ટન મયંક અગ્રવાલે 34 બોલમાં 54 રન બનાવ્યા અને પડિકલે 118 બોલમાં 147 રન બનાવ્યા. બંનેએ 11.5 ઓવરમાં 114 રનની ભાગીદારી કરી. અગ્રવાલે તેની ઈનિંગમાં દસ ચોગ્ગા ફટકાર્યા, જ્યારે પડિકલે દસ ચોગ્ગા અને સાત છગ્ગા ફટકાર્યા. અંતે, અભિનવ મનોહરે 32 બોલમાં અણનમ 56 રન અને ધ્રુવ પ્રભાકરે 22 બોલમાં અણનમ 40 રન બનાવીને છઠ્ઠી વિકેટ માટે માત્ર 41 બોલમાં અણનમ 88 રન જોડીને ટીમને જીત અપાવી હતી.

## સૂર્યવંશી-ગનીની તોફાની બેટિંગથી બિહારે વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો

**સૂર્યવંશી** અને ગનીની સદીથી બિહારે બનવેલા 574 રન લિસ્ટ-એમાં સર્વાધિક સ્કોરનો વર્લ્ડ રેકોર્ડ

**સાકિબ** ગનીએ 32 બોલમાં સદી ફટકારી લિસ્ટ-એમાં થી ઝડપી સદી ફટકારનારો ભારતીય બન્યો

રાંચી, તા. 24 (પીટીઆઇ) : ભારતીય ક્રિકેટના યુવા સેન્સેશન વૈભવ સૂર્યવંશી અને કેપ્ટન સાકિબ ગનીના નેતૃત્વમાં બેટ્સમેનોના શાનદાર પ્રદર્શનને કારણે, બિહારે વિજય હજારે ટ્રોફીની એક મેચમાં છ વિકેટે 574 રન બનાવીને લિસ્ટ-એમાં એક ઇનિંગ્સમાં સૌથી વધુ સ્કોરનો નવો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો.

પ્લેટ ગ્રુપની આ મેચમાં, બિહારના બેટ્સમેનોએ અરુણાચલ પ્રદેશના નબળા બોલિંગ આક્રમણ સામે વિસ્ફોટક બેટિંગ કરવામાં કોઈ કસર છોડી ન હતી. 40 બોલમાં 128 રન કરનારા ગનીએ ફક્ત 32 બોલમાં સદી પૂરી કરીને લિસ્ટ-એમાં ભારતીય ખેલાડી દ્વારા સૌથી ઝડપી સદીનો નવો રેકોર્ડ બનાવ્યો હતો. આ પહેલા સૂર્યવંશીએ 84 બોલમાં 16 ચોગ્ગા અને 15 છગ્ગા સાથે 190 રનની ઇનિંગ રમી હતી. તેણે માત્ર 36 બોલમાં પોતાની સદી પૂરી કરી હતી. વિકેટકીપર આયુષ લોહારુકાએ પણ 56 બોલમાં 116 રનનું યોગદાન આપ્યું. બિહારે પોતાની ઇનિંગમાં 49 ચોગ્ગા અને 38 છગ્ગા ફટકાર્યા હતા. સૂર્યવંશી, ગની અને લોહારુકાની સદીઓએ બિહારને નવેમ્બર 2022 માં અરુણાચલ પ્રદેશ સામે લિસ્ટ-એમાં સૌથી વધુ બે વિકેટે 506 રનના સ્કોરનો તમિલનાડુનો અગાઉનો રેકોર્ડ તોડવામાં મદદ કરી. લિસ્ટ-એમાં ભારતીય ખેલાડી દ્વારા સૌથી ઝડપી સદીનો રેકોર્ડ અગાઉ પંજાબના અનમોલપ્રીત સિંહના નામે હતો, જેણે 2024માં આ જ ટીમ સામે 35 બોલમાં સદી ફટકારી હતી. આ ફોર્મેટમાં સૌથી ઝડપી 29 બોલમાં સદીનો વિશ્વ રેકોર્ડ ઓસ્ટ્રેલિયાના જેક ફ્રેઝર મેકગર્કના નામે છે, જેણે 2023-24 સીઝનમાં દક્ષિણ ઓસ્ટ્રેલિયા માટે તાસ્માનિયા સામે આ સદી ફટકારી હતી.

## રોહિતની દોઢી સદીની મદદથી મુંબઈએ સિક્કિમને હરાવ્યું

**જયપુરમાં** લગભગ 20,000 પ્રેક્ષકોનું રોહિત શર્માએ જોરદાર ફટકાબાજી કરીને ભરપુર મનોરંજન કર્યું



જયપુર, તા. 24 (પીટીઆઈ) : વિજય હજારે ટ્રોફી ગ્રુપ સીની આજે બુધવારે અહીં રમાયેલી એક મેચમાં રોહિત શર્માએ સિક્કિમના બિનઅનુભવી બોલિંગ આક્રમણ સામે જોરદાર બેટિંગ કરીને 94 બોલમાં 155 રનની ઈનિંગ રમી મુંબઈને સિક્કિમને આઠ વિકેટે જીત અપાવી હતી. મેચ જોવા આવેલા લગભગ 20,000 પ્રેક્ષકોને ક્રિસમસ ભેટ આપતા, હિટમેન રોહિતે તેની ઈનિંગમાં 18 ચોગ્ગા અને નવ છગ્ગા ફટકાર્યા. મુંબઈએ 30.3 ઓવરમાં 237 રનનો લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો. સિક્કિમના બોલરો પાલજર તમાંગ, ક્રાંતિ કુમાર, ગુરિન્દર સિંહ અને અંકુર મલિક રોહિતને જરાપણ કાબુમાં લઇ શક્યા નહોતા. તેણે મિડવિકેટ પર ક્રાંતિને બાઉન્ડ્રી ફટકારીને શરૂઆત કરી અને પોતાની ઈનિંગ દરમિયાન સ્પિનરોને પણ છોડ્યા નહીં. તેને બે જીવનદાન પણ મળ્યા હતા. સિક્કિમના કેપ્ટન લી યોંગે જણાવ્યું હતું કે, આટલા મહાન ક્રિકેટર સાથે મેદાન પર હોવું એ આપણા જીવનનો સૌથી મહાન દિવસ છે. તે સારા બોલનો આદર કરતો હતો અને ખરાબ બોલને ફટકારતો હતો.

## બેટ્સમેન અને સ્પિનરોની મદદથી ઉત્તર પ્રદેશે હૈદરાબાદને હરાવ્યું

રાજકોટ, તા. 24 : વિજય હજારે ટ્રોફી ગ્રુપ બીની આજે બુધવારે અહીં રમાયેલી એક મેચમાં ભારતની ટી-20 વર્લ્ડકપ ટીમમાં પસંદ થયેલા રિંકુ સિંહ સહિત અન્ય બેટ્સમેનોની સાથે જ સ્પિનરોના ઉમદા પ્રદર્શનની મદદથી ઉત્તર પ્રદેશે હૈદરાબાદને 84 રનથી હરાવ્યું હતું. ઉત્તર પ્રદેશે પ્રથમ બેટિંગ કરતાં અભિષેક ગોસ્વામી (81), આર્યન જુયાલ (80), ધ્રુવ જુરેલ (80) અને રિંકુ (67)ની અડધી સદીઓની મદદથી પાંચ વિકેટે 324 રનનો મજબૂત સ્કોર બનાવ્યો, તે પછી લિસ્ટ A માં ડેબ્યુ કરનાર ઝીશાન અંસારી (4/31) સાથે પ્રશાંત વીર (3/47) અને વિપરાજ નિગમે હૈદરાબાદના બેટ્સમેનોને સ્પિનના જાળમાં ફસાવીને 240 રનમાં ઓલઆઉટ કર્યા હતા. હૈદરાબાદ વતી તન્મય અગ્રવાલે 53 અને બુદ્ધિ રાહુલે 47 રનની ઇનિંગ રમી હતી.

## બેટ્સમેનોના ઉમદા પ્રદર્શનથી બંગાળે વિદર્ભને હરાવ્યું

રાજકોટ, તા. 24 : વિજય હજારે ટ્રોફી ગ્રુપ બીની આજે બુધવારે અહીં રમાયેલી અન્ય એક ગ્રુપ મેચમાં, અમન મોખંડેના 110 અને ધ્રુવ શોરેના 136 રનની શતકીય ઇનિંગની મદદથી વિદર્ભે પાંચ વિકેટે 382 રનનો પડકારજનક સ્કોર બનાવ્યો હતો. જો કે અભિષેક પોરેલ (56), કેપ્ટન અભિમન્યુ ઈશ્વરન (71), સુદીપ કુમાર ઘરામી (68) અને શાહબાઝ અહેમદ (71) ની અડધી સદીઓની મદદથી બંગાળે વિદર્ભ પર ત્રણ વિકેટથી વિજય મેળવ્યો. બંગાળ વતી મહંમદ શમીએ 65 રનમાં 2 અને ઓફ સ્પિનર આમિર ગનીએ ચાર વિકેટ લીધી હતી.

## બરોડાએ આસામને પાંચ વિકેટે હરાવ્યું

રાજકોટ, તા. 24 : વિજય હજારે ટ્રોફી ગ્રુપ બીની આજે બુધવારે અહીં રમાયેલી અન્ય એક ગ્રુપ મેચમાં, આસામનો બરોડા સામે પાંચ વિકેટે પરાજય થયો હતો. આસામે પ્રથમ બેટિંગ કરતાં પ્રદ્યુન સૈકિયા (67), કેપ્ટન સુમિત ઘડીગાંવકર (55) અને શિવશંકર રોય (55)ની અડધી સદીની મદદથી 282 રને ઓલઆઉટ થયું હતું. વિજય માટે 283 રનનો પીછો કરતા બરોડા તરફથી પ્રિયાંશુ મોલિયાના 73, વિષ્ણુ સોલંકીના નોટઆઉટ 88 અને ભાનુ પનિયાના નોટઆઉટ 43 રન તેમજ આ બંને વચ્ચે છઠ્ઠી વિકેટ માટે 100 રનની નોટઆઉટ ભાગીદારીની મદદથી બરોડાએ પાંચ વિકેટે લક્ષ્યાંક આંબી લીધો હતો.

## ખેલ રત્ન માટે હોકી સ્ટાર હાર્દિક સિંહ એકમાત્ર ભલામણ

**દિવ્યા** દેશમુખ, તીજય શંકર સહિત અન્ય 24 અર્જુન એવોર્ડ માટે નોમિનેટ, કોઈ ક્રિકેટરના નામની ભલામણ થઈ નથી

**પહેલીવાર** યોગાસન ખેલાડી આરતી પાલનું નામ પણ અર્જુન એવોર્ડ માટે નોમિનેટ

નવી દિલ્હી, તા. 24 (પીટીઆઇ) : ભારતીય પુરુષ હોકી ટીમના ઉપ-કપ્તાન હાર્દિક સિંહનું નામ આ વર્ષે મેજર ધ્યાનચંદ ખેલ રત્ન પુરસ્કાર માટે ભલામણ કરવામાં આવ્યું છે, જ્યારે યુવા ચેસ ખેલાડી દિવ્યા દેશમુખ અને ડેકેથલીટ તેજસ્વિન શંકર સહિત 24 ખેલાડીઓના નામ અર્જુન પુરસ્કાર માટે આપવામાં આવ્યા છે.

પસંદગી સમિતિની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. મિડફિલ્ડર હાર્દિક 2021 ટોક્યો ઓલિમ્પિક અને 2024 પેરિસ ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ વિજેતા ટીમનો ભાગ હતો. તે આ વર્ષના એશિયા કપમાં પણ ગોલ્ડ મેડલ વિજેતા ટીમનો ભાગ હતો. સૂત્રોએ જણાવ્યું હતું કે રમતગમત મંત્રાલય તરફથી ઔપચારિક માન્યતા મળ્યાના પાંચ વર્ષ પછી પહેલીવાર યોગાસન ખેલાડી આરતી પાલનું નામ પણ અર્જુન પુરસ્કાર માટે નોમિનેટ કરવામાં આવ્યું છે. આરતી રાષ્ટ્રીય અને એશિયન ચેમ્પિયન છે. 2026 એશિયન ગેમ્સમાં યોગને એક પ્રદર્શન રમત તરીકે સમાવવામાં આવશે.

બુધવારે મળેલી પસંદગી સમિતિમાં ભારતીય ઓલિમ્પિક એસોસિએશનના ઉપપ્રમુખ ગગન નારંગ, ભૂતપૂર્વ બેડમિન્ટન ખેલાડી અપર્ણા પોપટ અને ભૂતપૂર્વ હોકી ખેલાડી એમ એમ સોમાયાનો સમાવેશ થાય છે, જેમાં અર્જુન પુરસ્કાર માટે 21 અન્ય નામોને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું.

## બુમરાહ અને પંતે માફી માગી લીધી હતી : બાવુમા

જોહાનિસબર્ગ, તા. 24 (પીટીઆઇ) : દક્ષિણ આફ્રિકાના કેપ્ટન ટેમ્બા બાવુમાએ તાજેતરના ભારતના પ્રવાસ દરમિયાન કરવામાં આવેલી ટિપ્પણીઓ વિશે વાત કરતા કહ્યું કે જસપ્રીત બુમરાહ અને ઋષભ પંતે વાંધાજનક ટિપ્પણી બદલ માફી માગી હતી. તેમણે એ પણ સ્વીકાર્યું કે દક્ષિણ આફ્રિકાના કોચ શુકરી કોનરાડે 'ભારતને ઘૂંટણિયે પાડવા' જેવી ટિપ્પણીઓ કરવાનું ટાળવું જોઈતું હતું. બે ટેસ્ટ, ત્રણ વનડે અને પાંચ ટી20 આંતરરાષ્ટ્રીય મેચોના આ પ્રવાસમાં, દક્ષિણ આફ્રિકાએ 25 વર્ષ પછી ભારતમાં લાંબા ફોર્મેટમાં જીત મેળવી હતી પરંતુ પછી સફેદ બોલની સીરિઝ હારી ગઈ હતી. બાવુમાએ પોતાની કોલમમાં લખ્યું હતું કે મને ખબર છે કે એક ઘટના બની હતી જ્યાં તેણે મારા વિશે કંઈક કહેવા માટે પોતાની ભાષાનો ઉપયોગ કર્યો હતો. પરંતુ દિવસના અંતે, બે સિનિયર ખેલાડીઓ, ઋષભ પંત અને જસપ્રીત બુમરાહ, આગળ આવ્યા અને માફી માગી. તેમણે કોલકાતામાં રમાયેલી પહેલી ટેસ્ટ દરમિયાનની એક ઘટના યાદ કરી જેમાં બુમરાહ અને પંતે તેની ઊંચાઈ પર ટિપ્પણી કરતી વખતે તેને "વામન" કહ્યો હતો.

## ઇંગ્લેન્ડની મુશ્કેલી વધી, આર્ચર બાકીની બે એશિઝ મેચમાંથી બહાર

**આર્ચર** હેમસ્ટ્રીંગ ઇન્જરીને કારણે બહાર થયો, તે એમસીજી પર પહોંચ્યો પણ ટીમ સાથે પ્રેક્ટિસ ન કરી

**ચોથી** ટેસ્ટ માટે આર્ચરના સ્થાને ગસ એટકિન્સનને જ્યારે જેકબ બેથલ ઓલી પોપના સ્થાને ટીમમાં સામેલ

મેલબોર્ન, તા. 24 (એપી) : ઈંગ્લેન્ડના બોલર જોફ્રા આર્ચર હેમસ્ટ્રિંગની ઈજાને કારણે ઓસ્ટ્રેલિયા સામેની બાકીની બે એશિઝ ટેસ્ટ મેચ રમી શકશે નહીં, એમ ટીમના એક અધિકારીએ બુધવારે જણાવ્યું હતું. આનાથી ઈંગ્લેન્ડની મેદાન પર અને મેદાન બહારની સમસ્યાઓમાં વધારો થયો છે, જેમાં ઓપનર બેન ડકેટ પર દારૂ પીધેલો હોવાના અને તેના માર્ગથી ભટકી જવાના આરોપોનો સમાવેશ થાય છે. ૩૦ વર્ષીય આર્ચર છેલ્લા ચાર વર્ષથી અનેક ફિટનેસ સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે, જેમાં તેમની પીઠ અને જમણી કોણીમાં સ્ટ્રેસ ફ્રેક્ચરનો સમાવેશ થાય છે. ભારત સામે લાંબા સમય સુધી ક્રિકેટમાંથી છૂટા પડ્યા બાદ તેઓ ટેસ્ટ ક્રિકેટમાં પાછા ફર્યા અને ત્યારથી તેઓ ઉત્તમ ફોર્મમાં છે. ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ચોથી ટેસ્ટ મેચ શુક્રવારથી મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ (MCG) ખાતે શરૂ થશે, જ્યારે પાંચમી અને અંતિમ ટેસ્ટ મેચ 4 જાન્યુઆરીથી સિડનીમાં રમાશે. ઓસ્ટ્રેલિયા હાલમાં પાંચ ટેસ્ટ મેચની શ્રેણી 3-0થી આગળ છે અને તેણે એશિઝ જાળવી રાખી છે.

આર્ચર બુધવારે પ્રેક્ટિસ સેશન માટે MCG પહોંચ્યો હતો પરંતુ તેણે પ્રેક્ટિસ કરી ન હતી. બુધવારે ચોથી ટેસ્ટ માટે ઈંગ્લેન્ડે પોતાની ટીમની જાહેરાત કરી હતી, જેમાં ગુસ એટકિન્સનને આર્ચરના સ્થાને પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરવામાં આવ્યા હતા. જેકબ બેથેલે ઓલી પોપનું સ્થાન પણ લીધું હતું, જે ત્રીજા નંબર પર બેટિંગ કરે છે. પોપની શ્રેણીમાં બેટિંગ સરેરાશ 20.83 છે.


### સુડોકુ - ૫૦૪૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૩ | | | | ૧ | ૨ |
| ૬ | | ૪ | | | | ૭ | ૩ | ૮ |
| ૭ | ૨ | | | | | | | |
| ૩ | ૫ | | ૭ | ૪ | ૧ | | ૨ | ૬ |
| | | ૨ | ૫ | | ૮ | | ૭ | |
| | | | | | ૨ | | ૫ | |
| ૫ | | | ૪ | ૨ | | ૬ | ૯ | |
| ૯ | | | ૧ | ૮ | ૫ | | | ૭ |
| | ૪ | ૧ | ૯ | | | ૩ | | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

સુડોકુ-૫૦૪૫

### શબ્દગુંફન - ૭૧૨૯
અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**
૧. એક અંગ્રેજ નાટકકાર અને કવિ (૬)
૪. સરદાર, આગેવાન (૩)
૬. ફરિયાદ (૨)
૭. રીત, પદ્ધતિ (૩)
૯. માયા, સ્નેહ (૨)
૧૦. કિનારો, કાંઠો, તીર (૨)
૧૧. રહેવાનું સ્થળ (૨)
૧૨. મોજૂદ, પ્રત્યક્ષ (૩)
૧૪. કસબ, હુન્નર (૨)
૧૫. ઝાડ (૨)
૧૭. એક વાર (૨)
૧૯. છેડો, નિવેડો (૨)
૨૦. મરજી હોય તો કરવાનું (૫)
૨૩. ખુશબો (૩)
૨૪. રોકડું (૩)
૨૫. કલ્યાણ (૨)
૨૬. શિક્ષા, દંડ (૨)
૨૭. શ્વાસ (૨)
૨૮. વિસ્તાર, પદવી (૨)
૩૦. વહાણવટી, સુકાની (૩)
૩૨. અડસટ્ટો, હિસાબ (૩)
૩૩. પાણીનો ઘાટ, જળાશય (૪)

**ઊભી ચાવી**
૧. બડાઈ (૨)
૨. સુંદર, ઉત્તમ (૩)
૩. મૃત્યુના દેવ (૨)
૪. હોડી, વહાણ (૨)
૫. છળ, પ્રંપચ (૩)
૬. રસ્તો, માર્ગ (૨)
૭. જુદી-જુદી જાતની રમતો (૬)
૮. મોટું (૨)
૯. એક રૂપાળું પંખી (૨)
૧૦. શોધ, તપાસ (૩)
૧૩. અગત્ય, જરૂરિયાત (૩)
૧૬. દેહ, શરીર (૨)
૧૮. અવાજ (૩)
૨૦. હેતુ, મુરાદ (૪)
૨૧. હઠ, જીદ (૨)
૨૨. જુસ્સો, અધીરાઈ (૫)
૨૫. ચંદ્ર (૩)
૨૮. હાથ (૨)
૨૯. દિવસ (૨)
૩૧. વાનર, વાંદરું (૨)

શબ્દગુંફન - ૭૧૨૮

## અનુસંધાન ... પાના પહેલાનું

### ચીન બેવડી રમત...
સ્થિર કરવા અને અમેરિકા-ભારત સંબંધોને ગાઢ બનતા અટકાવવા માટે એલએસી પર ઓછા તણાવનો લાભ લેવા માંગે છે, જોકે, ભારત કદાચ ચીનના પગલાં અને હેતુઓ પર શંકા રાખે છે. સતત પરસ્પર અવિશ્વાસ અને અન્ય બનાવો લગભગ ચોક્કસપણે દ્વિપક્ષીય સંબંધોને મર્યાદિત કરે છે', એમ અહેવાલમાં જણાવાયું છે. ગયા વર્ષે ઓક્ટોબરમાં પૂર્વી લડાખમાં એલએસી પર ચાર વર્ષથી વધુ સમયથી ચાલી રહેલા સૈન્ય સંઘર્ષનો અંત લાવ્યા પછી, છેલ્લા કેટલાક મહિનામાં, ભારત અને ચીને તેમના સંબંધોને સામાન્ય બનાવવા માટે શ્રેણીબદ્ધ પગલાં શરૂ કર્યા છે.

### જો મારા બાળકો...
કહ્યું હતું. પીડિતાએ એમ પણ કહ્યું હતું કે, જો સેંગરને જેલમાંથી મુક્ત કરવામાં આવે તો તે ખુદની સલામતી માટે જેલમાં રહેવા તૈયાર છે. બળાત્કાર પીડિતાએ જણાવ્યું હતું કે, ''તે ખૂબ જ દર્દનાક હતું. જો હું પરિણીત ન હોત અને મારા બાળકો ન હોત તો મેં ન્યાયાધીશની સામે આત્મહત્યા કરી લીધી હોત. ન્યાયાધીશે પીડિતાને જોઈ નથી અને ચુકાદો આપી દીધો હતો.'' પીડિતાએ કહ્યું કે, તે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળવા માંગે છે જેથી તે ચુકાદાને કારણે અનુભવી રહેલી પીડા તેમને જણાવી શકે. પીડિતાએ કહ્યું, ''જો ગુનેગાર જેલમાંથી મુક્ત થઈ રહ્યો હોય તો અમને જેલમાં મોકલી દેવા જોઈએ. જો ગુનેગાર બહાર આવે તો હું તેના વતી સજા પૂર્ણ કરીશ. ઓછામાં ઓછું તે કિસ્સામાં અમે સુરક્ષિત રહીશું. અમે બેરોજગાર રહીશું પણ ઓછામાં ઓછું અમને ખોરાક તો મળશે.'' બળાત્કાર પીડિતાની માતાએ કહ્યું કે, તેમના વકીલ હાઇકોર્ટના ચુકાદા સામે સુપ્રીમ કોર્ટમાં જશે. પીડિતાએ ઉમેર્યું હતું કે, ''અમને સુપ્રીમ કોર્ટમાં પર વિશ્વાસ છે અને અમને આશા છે કે તે અમને ન્યાય આપશે.''

### સેંગરની સજા સ્થગિત...
'હું બૂમો પાડી રહી હતી કે મારે મારા વકીલને મળવાની જરૂર છે. હું વાહનમાં પણ બૂમો પાડી રહી હતી અને પછી ઉપરથી મને (મારા વકીલને મળવા) લઈ જવાનો આદેશ આવ્યો', એમ તેમણે કહ્યું. 'મને ફક્ત ન્યાય જોઈએ છે', એમ તેમણે ઉમેર્યું. ઉન્નાવ બળાત્કાર પીડિતાનાં સંઘર્ષ પર પ્રતિક્રિયા આપતા, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે ભારત ફક્ત એક મૃત અર્થતંત્ર જ નહીં પરંતુ એક મૃત સમાજ પણ બની રહ્યું છે. શું સામુહિક બળાત્કારની પીડિતા સાથે આ પ્રકારનો વ્યવહાર યોગ્ય છે? શું તે તેનો 'દોષ' છે કે તેનામાં ન્યાય માટે અવાજ ઉઠાવવાની હિંમત છે? તેના ગુનેગારને જામીન આપવામાં આવ્યા છે તે અત્યંત નિરાશાજનક અને શરમજનક છે - ખાસ કરીને જ્યારે પીડિતાને વારંવાર હેરાન કરવામાં આવી રહી છે અને તે ભયના છાયા હેઠળ જીવી રહી છે.'

### દિલ્હી હાઈકોર્ટે GST...
જેમાં માગ કરવામાં આવી હતી કે દિલ્હીમાં ગંભીર વાયુ પ્રદૂષણને જોતા એર પ્યોરીફાયરને 'તબીબી સાધન' તરીકે વર્ગીકૃત કરીને તેને જીએસટીના પાંચ ટકાના સ્લેબમાં લાવવા માટે કેન્દ્ર સરકારને નિર્દેશ આપવામાં આવે. અત્યારે તેના પર 18 ટકા જીએસટી છે.

### ઈસરોએ અત્યાર...
જણાવ્યું હતું કે, 6,100 કિલો વજન ધરાવતો આ સંચાર ઉપગ્રહ ભારતીય ભૂમિ પરથી એલવીએમ૩ પ્રક્ષેપણ ઇતિહાસમાં એલઈઓમાં મૂકવામાં આવેલો સૌથી ભારે પેલોડ છે.

### અરવલ્લીમાં નવા...
પગલાંનું કડક પાલન અને સુપ્રીમ કોર્ટના આદેશનું પાલન કરવું જોઈએ. તીવ્ર જાહેર ચર્ચા અને સોશિયલ મીડિયા ઝુંબેશ વચ્ચે આ જાહેરાત થઇ છે જેમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે કોર્ટ દ્વારા ઊંચાઈ-આધારિત વ્યાખ્યા (સ્થાનિક ભૂપ્રદેશથી 100 મીટર કે તેથી વધુ ઉંચી ટેકરીઓ, 500 મીટરની અંદર ભેગી) ને સ્વીકારવાથી અરવલ્લીનો 90 ટકાથી વધુ ભાગ ખાણકામ માટે ખુલ્લો થશે. પર્યાવરણવાદીઓ અને વિરોધ પક્ષોએ આ માપદંડની ટીકા કરી છે, ચેતવણી આપી છે કે તે ઈકોલોજીકલ કનેક્ટિવિટી માટે મહત્વપૂર્ણ નીચા ટેકરીઓને બાકાત રાખે છે.

### તુર્કીમાં વિમાન...
વાટાઘાટોના પ્રયાસોમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી, સૈન્ય લિબિયાની અન્ય સંસ્થાઓની જેમ વિભાજિત થઈ ગઈ છે. દુર્ઘટનામાં મૃત્યુ પામેલા અન્ય ચાર અધિકારીઓમાં લિબિયાના ભૂમિ દળોના વડા જનરલ અલ-ફિતોરી ઘરાઈબિલ પણ સામેલ હતાં. તુર્કીના અધિકારીઓએ જણાવ્યું હતું કે ફાલ્કન 50-પ્રકારના બિઝનેસ જેટે અંકારાના એસેનબોગા એરપોર્ટથી રાત્રે 8:30 વાગ્યે ઉડાન ભરી હતી અને લગભગ 40 મિનિટ પછી સંપર્ક તૂટી ગયો હતો. વિમાને ઈલેક્ટ્રિકલ ખામી અંગે એર ટ્રાફિક કંટ્રોલને જાણ કરી અને કટોકટી લેન્ડીંગની વિનંતી કરી હતી. જો કે બાદમાં વિમાન રડાર પરથી અદ્રશ્ય થઈ ગયું હતું.

### દિલ્હી ડાયરી...
જૂનમાં મતદાર યાદીઓના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) અને પછી 14 નવેમ્બરના રોજ પૂરી થયેલી બિહારમાં વિધાનસભાની ચૂંટણીઓ બાદ બિહારના મુખ્ય ચૂંટણી અધિકારી વિનોદ સિંહ ગુંજીયાલ અને વધારાના સીઈઓએ દિલ્હીમાં ભારતીય ચૂંટણી પંચના મુખ્યાલય, નિર્વાચન સદનની મુલાકાત લીધી.

## દાદીમાના નુસખા
મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### ગરમીના ચાંદા (boiles)
હરડે, બહેડાં, આમળાં સરખા ભાગે લઈ વાટી બારીક ચૂર્ણ કરવું. તેને મધમાં મેળવીને ચામડી પર થયેલાં ગૂમડા પર લગાડો.

## આજનું પંચાંગ
**તા. 25/12/2025, ગુરુવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1947
**વીર સંવત :** 2552 **માસ :** પોષ
**તિથિ:** સુદ: પાંચમ : 13:43
**રાષ્ટ્રિય દિનાંક :** પૌષ :04
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** શિશિર
**નક્ષત્ર :** ધનિષ્ઠા: 08-19 પછી શતભિષા
**યોગ :** વ્રજ
**કરણ:** કૌવાલ
**રાશિ:** કુંભ (ગ,સ,શ,ષ)
**દિવસ :** શુભ : ક્રિસમસ ડે-નાતાલ
**સુરતમાં સૂર્યોદય :** 07:14
**સુરતમાં સૂર્યાસ્ત :** 18:03 **નવકારસી:** 08:02
**પારસી વર્ષ :** 1395, અમરદાદ માસનો 13મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447, રજ્જબ માસનો 04થો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ
**રાત્રિનાં ચોઘડિયાં:** અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત
**રાહુ કાળ :** બપોરે 13:30 થી 15:00 સુધી

## આપની આજ
**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** મિત્રોનો સાથ નવા વેપાર-રોજગારમાં મળે. પ્રેમ વિવાહનો પ્રસ્તાવ આવે. આવક વધે.
**વૃષભ (બ,વ,ઉ,):** નોકરિયાતની જવાબદારી અને બોજ વધે. ધંધામાં નવા સોદા થાય. સમાજમાં અશાંતિ વધે.
**મિથુન (ક,છ,ઘ,):** જૂના દર્દો પરેશાન કરે. ખાવા-પીવા પર કાબૂ રાખવો. વીમા એજન્સીનો કામમાં લાભ થાય.
**કર્ક (ડ,હ,):** ઉઘરાણીની ચિંતા રહે. સરકારી કામમાં સાવધાન રહેવુ. ધાર્મિક કામમાં શાંતિ મળે.
**સિંહ (મ,ટ,):** રોજના કામમાં કંટાળો આવે. નોકરીમાં અશાંતિ રહે. કોર્ટ કચેરીમા દોડધામ વધે.
**કન્યા (પ,ઠ,ણ,):** હરીફો અને નોકર-ચાકરથી નુકસાન થઇ શકે છે. આરોગ્યના ખર્ચા વધશે. કામમાં બોજ રહે.
**તુલા (ર,ત,):** પરીક્ષામાં સાવધાની રાખવી. મિત્રો સાથે અશાંતિ થાય. પ્રેમમાં ગેરસમજ થાય.
**વૃશ્ચિક (ન,ય,):** નવી નોકરીની સફળતા રહે. વડીલોના કામમાં પ્રગતિ થાય. અશાંતિજનક સમાચાર મળે.
**ધન (ભ,ધ,ફ,ઢ,):** સાહસિક બનશો. ભાઇ-બહેનોના કામની ચિંતા રહે. મિત્રો સાથે મનોરંજન થાય.
**મકર (ખ,જ,):** પડવા વાગવાથી સાવધાન રહેવું. દાંપત્યમાં તાલમેળ રાખવો. કામનો બોજ સતાવશે.
**કુંભ (ગ,સ,શ,ષ,):** વાહન પર કાબુ રાખવો. સમાજ જીવનમાં અશાંતિ રહે. નોકરીમાં નવી તક મળે.
**મીન (દ,ચ,ઝ,થ,):** કોર્ટ કચેરીની ચિંતા સતાવે. જીવન સાથીને આરોગ્યની ચિંતા ખર્ચા વધશે.

## કોઇ પણ સાલમાં 25 ડિસેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ
આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. ચડતી પડતી અને હરીફોનો અનુભવ દરેક જગ્યાએ થાય. સમાજ અને પરિવારની અપેક્ષાઓ કાર્ય બોજ વધશે. સંતાનોના અભ્યાસ, કેરિયરમાં ચડપી-પડતી રહે. આર્થિક રીતે ચડતી-પડતી રહે. ઉઘરાણી આવી શકે છે. આરોગ્ય સામાન્ય રહે. ઉંમર લાયકના વિવાહ થાય. વિદેશનાં કામ ધીમા પડે. વિદ્યાર્થીઓની મહેનત રંગ લાવશે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં મદદ મળે. નવા ઘર, વાહન, મકાન અને વારસા, જાયદાદ, જમીન વગેરે કામ વર્ષ દરમિયાન પાર પડતા રહેશે. મિત્રો-વડીલોની મદદ વધારાની આવક માટેની યોજનામાં મળે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. જૂન-જુલાઇમાં આવક વધારવાની યોજના પાર પડે. ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં આરોગ્યના ખર્ચા સતાવશે. દોડધામ વધશે.